ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]

પરિપત્ર:

**વિષય: GCAS પોર્ટલ દ્વારા પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત લેવાયેલ નિર્ણયોના અમલીકરણ અને નવું સમયપત્રક બાબત.**

**સંદર્ભ: (૧) ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ (જીકેસ) પોર્ટલ અંતર્ગત વિદ્યાર્થીઓના હિત માટે લેવામાં આવેલ નિર્ણયોનું તાત્કાલિક અમલીકરણ કરવા બાબતનો કે.સી.જીનો પત્ર ક્રમાંક: કે.સી.જી./GCAS/૨૦૨૪-૨૫/૯૩૧, તા:૨૯/૦૬/૨૦૨૪**

**(૨) અત્રેની યુનિવર્સિટીના પરિપત્ર ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૮૦૯/૨૦૨૪, તા.૦૧/૦૭/૨૦૨૪**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી/અનુદાનિત તથા સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્રો અન્વયે જણાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓની શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે વિવિધ સ્નાતક કક્ષાનાં ડિગ્રી કોર્સ (મેડીકલ, પેરા-મેડીકલ સિવાય)/અનુસ્નાતક કક્ષાનાં કોર્સ/પી.જી. ડીપ્લોમાં/ડિપ્લોમા /સર્ટીફીકેટ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટેની પ્રવેશ પ્રક્રિયા ફરજીયાતપણે ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ (GCAS) પોર્ટલ દ્વારા કરવાની થાય છે. જે અંતર્ગત ઉક્ત સંદર્ભ પત્ર (૧) અને (૨)ની વિગતે નીચે સમયપત્રક મુજબ પ્રવેશ પ્રક્રિયા કરવા તથા વિષય ફેરફાર, પ્રવેશ રદ, પ્રોફાઈલ, શૈક્ષણિક વિગતોમાં સુધારો વગેરે બાબતો અંગે યુનિવર્સિટીને સૂચિત ફોરમેટમાં એક્સેલ શીટમાં સમય-મર્યાદામાં મોકલી આપવાની રહેશે જે યુનિવર્સિટી દ્વારા પ્રવેશ અંગે GCAS તથા GIPL સાથે સંકલન કરી કાર્યવાહી કરવામાં આવશે. જે અંગે વિદ્યાર્થીઓને પણ આપશ્રીની કક્ષાએથી પુરતું માર્ગદર્શન આપવા વિનંતી.

## *પ્રવેશ પ્રક્રિયાનું સમયપત્રક*

| *સ્નાતક/સર્ટીફીકેટ/ડિપ્લોમા (After 12th )* | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | GCAS તરફથી ડેટા મળશે | જે-તે કોલેજ સંસ્થા ધ્વારા પ્રવેશ ઓફર | અલોટમેન્ટ અને પ્રવેશ કન્ફર્મ | યાદી |
| 1 | ૦૬/૦૭/૨૦૨૪ સાંજે | ૦૮/૦૭/૨૦૨૪ | ૦૯/૦૭/૨૦૨૪ અને ૧૦/૦૭/૨૦૨૪ | પ્રથમ યાદી |
| 2 | - | ૧૦/૦૭/૨૦૨૪ સાંજે ૦૬.00 કલાકે | ૧૧/૦૭/૨૦૨૪ અને ૧૨/૦૭/૨૦૨૪ | દ્વિતીય યાદી |
| 3 | - | ૧૨/૦૭/૨૦૨૪ સાંજે ૦૬.00 કલાકે | ૧૩/૦૭/૨૦૨૪ | તૃતીય યાદી |
| 4 | - | ૧૩/૦૭/૨૦૨૪ સાંજે ૦૬.00 કલાકે | ૧૫/૦૭/૨૦૨૪ | ચતુર્થ અને અંતિમ યાદી |
| *અનુસ્નાતક / પી જી ડિપ્લોમા/ડિપ્લોમા/સર્ટીફીકેટ (After Graduation)* | | | | |
| 1 | ૦૪/૦૭/૨૦૨૪ | ૦૫/૦૭/૨૦૨૪ | ૦૬/૦૭/૨૦૨૪, ૦૮/૦૭/૨૦૨૪ અને ૦૯/૦૭/૨૦૨૪ | પ્રથમ યાદી |
| 2 | - | ૦૯/૦૭/૨૦૨૪ સાંજે ૦૬.00 કલાકે | ૧૦/૦૭/૨૦૨૪, ૧૧/૦૭/૨૦૨૪ અને ૧૨/૦૭/૨૦૨૪ | દ્વિતીય યાદી |
| 3 | - | ૧૨/૦૭/૨૦૨૪ સાંજે ૦૬.00 કલાકે | ૧૩/૦૭/૨૦૨૪ | તૃતીય યાદી |
| 4 | - | ૧૩/૦૭/૨૦૨૪ સાંજે ૦૬.00 કલાકે | ૧૫/૦૭/૨૦૨૪ | ચતુર્થ અને અંતિમ યાદી |

## *સમયપત્રક અનુસાર કરવાની થતી કાર્યવાહી અને નિયમો:*

- સ્નાતક કક્ષામાં પ્રવેશ માટે નવી અરજીઓ તેમજ અગાઉની અરજીમાં પ્રવેશ માટે બાકી રહેલ વિદ્યાર્થીઓની માહિતી કે જેમણે જે-તે કોલેજ/સંસ્થામાં પ્રવેશ માટે પસંદગી આપેલ હશે તે GCAS ધ્વારા તા:૦૬/૦૭/૨૦૨૪ સાંજ સુધીમાં જે-તે

સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જૂનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩
: www.bknmu.edu.in

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503
registrar@bknmu.edu.in

કોલેજ/સંસ્થાના લોગીનમાં ઉપલબ્ધ કરવામાં આવશે તેમજ અનુસ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમમાં તા:૦૪/૦૭/૨૦૨૪ સુધીમાં અનુસ્નાતક કેન્દ્ર/સંસ્થા/અનુસ્નાતક ભવનોના લોગીનમાં ઉપલબ્ધ કરવામાં આવશે ત્યારબાદ કોલેજ/સંસ્થા/અનુસ્નાતક કેન્દ્રો/અનુસ્નાતક ભવનો ધ્વારા ઉપરોક્ત સમયપત્રક અનુસાર પ્રવેશ ઓફર, અલોટમેન્ટ અને પ્રવેશ કન્ફર્મ કરાવવાનો રહેશે.


- કોલેજ/સંસ્થા ધ્વારા મળેલ ડેટા અનવ્યે યુનિવર્સિટી નિયમાનુસાર મેરીટ બનાવવાનું રહેશે જેમાં અનામતના ધોરણોનું પાલન કરવાનું રહેશે જેની તમામ જવાબદારી જે-તે કોલેજ/સંસ્થા/અનુસ્નાતક કેન્દ્ર/અનુસ્નાતક ભવનની રહેશે.
- કોલેજ/સંસ્થા/અનુસ્નાતક કેન્દ્ર/અનુસ્નાતક ભવનોએ તેમની કોલેજ/સંસ્થામાં મંજુર ઇન્ટેક/સંખ્યા પૈકી સ્નાતક કક્ષામાં પ્રથમ અને દ્વિતીય રાઉન્ડ તથા અનુસ્નાતક કક્ષામાં પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ કન્ફર્મ કર્યા બાદ ખાલી રહેલ બેઠકો માટે મેરીટ અનુસાર પ્રથમ યાદી જાહેર કરવાની રહેશે જેમાં ખાલી રહેલ બેઠકોની સંખ્યા જેટલી જ બેઠકોની પ્રથમ યાદી જાહેર કરવાની રહેશે.
  *જેમકે, સંસ્થામાં મંજુર ઇન્ટેક ૧૦૦ હોય તથા સ્નાતક કક્ષામાં પ્રથમ અને દ્વિતીય રાઉન્ડ તથા અનુસ્નાતક કક્ષામાં પ્રથમ રાઉન્ડમાં ૬૦ બેઠકો કન્ફર્મ થઇ હોય તો પ્રથમ યાદી માત્ર ખાલી ૪૦ બેઠકોની જ જાહેર કરવી. પ્રથમ યાદીમાં કન્ફર્મ ૨૦ બેઠકો થાય તો બીજી યાદી માત્ર ખાલી ૨૦ બેઠકોની જ જાહેર કરવી.*
- પ્રથમ યાદીમાં પ્રવેશ કન્ફર્મ થયા બાદ જો બેઠકો ખાલી રહે તો ક્રમશ ઉક્ત સમયપત્રક અનુસાર પ્રવેશ ઓફર કરી દ્વિતીય, તૃતીય અને ચતુર્થ અને અંતિમ યાદી જાહેર કરી પ્રવેશ પ્રક્રિયા તા:૧૫/૦૭/૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.
- તા:૧૫/૦૭/૨૦૨૪ બાદ કોઈપણ વિદ્યાર્થીનો પ્રથમ તબક્કામાં પ્રવેશ કન્ફર્મ થઇ શકશે નહિ જેની સર્વે સંસ્થા તેમજ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ નોંધ લેવી.
- પ્રત્યેક કોલેજ/સંસ્થા/અનુસ્નાતક કેન્દ્ર/અનુસ્નાતક ભવન ધ્વારા ઉક્ત સમયપત્રક અનુસાર પ્રવેશ ઓફર અને કન્ફર્મ થાય તે માટે પુરતી તકેદારી રાખી કાર્યવાહી કરવાની રહેશે અન્યથા પ્રવેશ સંબંધિત બાબતો અંગે જે-તે કોલેજ/સંસ્થા/અનુસ્નાતક કેન્દ્ર/અનુસ્નાતક ભવન જવાબદાર રહેશે.

## *સામાન્ય સુચના*


- વિદ્યાર્થીઓના પ્રોફાઈલ, શૈક્ષણિક વિગત, વિષય પસંદગી કે કોલેજ પસંદગીમાં ફેરફાર જે-તે કોલેજ / સંસ્થા/ ડીપાર્ટમેન્ટ ધ્વારા કરવાનો રહેશે અને તેની માહિતી **તા:૧૯/૦૭/૨૦૨૪ સુધીમાં** નીચે દર્શાવેલ ફોરમેટ અનુસાર એક્સેલ શીટમાં વિદ્યાર્થીના એપ્લીકેશન નંબર સાથે યુનિવર્સિટી એકેડેમિક વિભાગને ઈમેઈલ મોકલી આપવાનો રહેશે અને હાર્ડ કોપી આચાર્યશ્રી/વડાશ્રી/અધ્યક્ષશ્રી નાં સહી/સિક્કા સાથે મોકલી આપવાની રહેશે. જેથી યુનિવર્સિટી ધ્વારા GIPL સાથે સંકલન કરી એનરોલમેન્ટ તથા પ્રવેશ કન્ફર્મની કામગીરી હાથ ધરી શકશે.

| ક્રમ | વિદ્યાર્થીનો GCAS અંતર્ગતનો એપ્લીકેશન નંબર | વિદ્યાર્થીનું નામ | પ્રથમ પસંદગીમાં પ્રોફાઈલ/શૈક્ષણિક વિગત/વિષય પસંદગી/કોલેજ પસંદગી | ફેરફાર કરવો હોય તે વિગત પ્રોફાઈલ/શૈક્ષણિક વિગત/વિષય પસંદગી/કોલેજ પસંદગી | રીમાર્કસ ફેરફારનાં કારણોની ટૂંકી વિગત |
|---|---|---|---|---|---|
| | | | | | |

- વિદ્યાર્થીઓ પ્રવેશ રદ કરાવવા માંગતા હોય તો તેમણે જે-તે કોલેજમાં/ડીપાર્ટમેન્ટમાં જઈ પ્રવેશ રદ કરાવવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે અને તેની માહિતી ***તા:૧૯/૦૭/૨૦૨૪ સુધીમાં*** નીચે દર્શાવેલ ફોરમેટ અનુસાર એક્સેલ શીટમાં વિદ્યાર્થીના એપ્લીકેશન નંબર સાથે યુનિવર્સિટી એકેડેમિક વિભાગને ઈમેઈલ મોકલી આપવાનો રહેશે અને હાર્ડ કોપી આચાર્યશ્રી/વડાશ્રી/અધ્યક્ષશ્રી નાં સહી/સિક્કા સાથે મોકલી આપવાની રહેશે. જેથી યુનિવર્સિટી ધ્વારા GIPL સાથે સંકલન કરી એનરોલમેન્ટ તથા પ્રવેશ કન્ફર્મની કામગીરી હાથ ધરી શકશે.
- પ્રવેશ રદ કરવા માટે જે-તે સંસ્થાના લોગીનમાં અલોટમેન્ટમાં એપ્લીકેશન કેન્સલ ટેબ દેખાશે જેમાં વિદ્યાર્થીનો એપ્લીકેશન નંબર નાખી, વિદ્યાર્થી પાસેથી OTP મેળવી પ્રવેશ રદ કરવા અંગેની કાર્યવાહી કરી શકશે.


Gujarat Common Admission Services
Department of Higher Education
DASHBOARD | TUTORIAL VIDEO | MASTERS | REPORTS | APPLICATION | ALLOTMENT | User
FINAL ALLOTMENT OFFER
ADMISSION CONFIRMATION
ADMISSION CANCELLATION
Admission Cancel
+Add Details
Application No :* 2400604514 View

ત્યારબાદ,


**Student Details**

| | | | |
|---|---|---|---|
| Application No : | 2400604514 | Offer No : | OU24000819065 |
| Student Name : | MEGHANI KARSHAN SOMABHAI | Admission Type : | Under Graduate |
| Gender : | Male | Birth Date : | 05/11/1992 |
| Mobile : | 9099198801 | Email : | meghanikarshan92@gmail.com |
| Category : | SEBC (OBC) | Disablity : | None |

**Allotted Details**

| | | | |
|---|---|---|---|
| University : | BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY | College : | SHREE KARMAYOGI B.R.S. COLLEGE,GADU |
| Course Type : | Under Graduate | Course : | BACHELOR OF RURAL STUDIES- (Self Finance - Gujarati - Morning - Co-Education - Agronomy) |
| Remarks :* | | | |

**Declaration**

| | |
|---|---|
| Declaration By College For Admission Confirmation | ☑ Before Cancelling admission in this College-Department we have verified all the necessary documents of this student. આ કોલેજ-વિભાગમાં પ્રવેશ રદ કરતા પહેલા અમે આ વિદ્યાર્થીના તમામ જરૂરી દસ્તાવેજોની ચકાસણી કરી લીધી છે. Get OTP |

Admission Cancel | Reset

| ક્રમ | વિદ્યાર્થીનો GCAS અંતર્ગતનો એપ્લીકેશન નંબર | વિદ્યાર્થીનું નામ | પ્રથમ પસંદગીમાં કોલેજ પસંદગી | પ્રવેશ રદ કરી પ્રવેશ મેળવવા માંગતા હોય તે કોલેજનું નામ | રીમાર્કસ પ્રવેશ રદ કરવા અંગેનાં કારણોની ટૂંકી વિગત |
|---|---|---|---|---|---|
| | | | | | |

ડૉ. ડી. એચ. સુખડીયા
કા.કુલસચિવ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૮૩૮/૨૦૨૪
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૦૩/૦૭/૨૦૨૪

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ...

**નકલ સાદર રવાના:-**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-**
(૧) આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...